# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિદ્ધી ઉંધાડ** વાંચે છે.

***************************************************

**1)** નવી દિલ્હીના કર્તવ્ય પથ પર 76મા પ્રજાસત્તાક દિવસ નિમિતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂએ તિરંગો ફરકાવ્યો.

**2)** કર્તવ્ય પથ પર યોજાયેલી પરેડમાં દેશની સાંસ્કૃતિક વિવિધતા અને સૈન્ય તાકાતની ઝલક જોવા મળી

**3)** કર્તવ્ય પથ પર પરેડમાં ગુજરાતની 'સ્વર્ણિમ ભારત- વારસા અને વિકાસ'ની ઝાંખીએ સૌનું ધ્યાન આકર્ષિત કર્યું.

**4)** 300 જેટલા કલાકારોએ પરંપરાગત સંગીત વાદ્યોની મદદથી 'સારે જહાં સે અચ્છા'ની પ્રસ્તુતિ કરી.

**5)** મહાકુંભના 14મા દિવસે આજે લાખો શ્રદ્ધાળુઓનું પવિત્ર સ્નાન

**6)** મલેશિયામાં રમાઇ રહેલી અન્ડર -19 મહિલા વિશ્વકપમાં ભારતે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી.

.................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REPUBLIC DAY MAIN STORY

સમગ્ર દેશમાં આજે 76મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી થઈ રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પણ નવી દિલ્હીના કર્તવ્ય પથ પર ત્રિરંગો ફરકાવ્યો હતો. આ વખતે પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્તો વિશેષ મહેમાન બન્યા છે.

પરંપરા મુજબ, બંને રાષ્ટ્રપતિઓને ભારતીય સેનાની સૌથી વરિષ્ઠ રેજિમેન્ટ, 'રાષ્ટ્રપતિના અંગરક્ષક' દ્વારા કર્તવ્ય પથ પર લઈ જવાયા. બંને મહાનુભાવો પરંપરાગત ઘોડાગાડીમાં સવાર થઈ સમારોહ ખાતે પહોંચ્યાં હતાં. આગમન બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમનું સ્વાગત કર્યું.

સાંસ્કૃતિક મંત્રાલયના 300 કલાકારો સાથે વાદ્ય યંત્ર વગાડતા પરેડનો પ્રારંભ થયો. કલાકારોએ શહેનાઈ, નાદસ્વરમ્, મશક બીન, બાંસુરી, શંખ અને ઢોલ જેવા પરંપરાગત સંગીદ વાદ્યોની મદદથી 'સારે જહાં સે અચ્છા'ની પ્રસ્તુતિ કરી હતી. સમારોહમાં 152 સભ્યોવાળી ઇન્ડોનેશિયાની રાષ્ટ્રીય સશસ્ત્ર દળોની માર્ચિંગ ટુકડીઓ અને 190 સભ્યોવાળી ઇન્ડોનેશિયાની સૈન્ય અકાદમીના સૈન્ય બેન્ડ પણ પરેડમાં જોડાયું હતું.

# REPUBLIC DAY TABLO

નવી દિલ્હીના કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક દિવસની પરેડમાં દેશની સાંસ્કૃતિક વિવિધતા અને સૈન્ય તાકાતની ઝલક જોવા મળી હતી. આ પરેડમાં ગુજરાતની 'સ્વર્ણિમ ભારત- વારસા અને વિકાસ'ની ઝાંખી જોવા મળી. જ્યારે પશ્ચિમ બંગાળની ઝાંખીમાં રાજ્યના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, સ્થાપત્ય કલાની ઉત્કૃષ્ટતા અને કલાત્મક પરંપરાઓ જોવા મળી. જ્યારે ભારતીય હવામાન વિભાગ, પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની ઝાંખી પણ આ પરેડમાં જોડાઈ હતી. મધ્યપ્રદેશ '70 સાલ બાદ ચિત્તાઓં કી ઐતિહાસિક વાપસી'ની ઝાંખી જોવા મળી હતી. ઉપરાંત ભારતીય તટરક્ષક, DRDOની ઝાંખી રક્ષા કવચ, ભારતીય સશસ્ત્ર દળના પૂર્વ સૈનિકોની ઝાંખીએ પરેડમાં ભાગ લીધો હતો.

આ તરફ પ્રજાસત્તાક દિવસ પરેડ દરમિયાન પહેલી વાર સૈન્ય ટુકડી 61 કેવેલરી, જે વિશ્વની એક માત્ર સક્રિય ઘોડેસવાર રેજિમેન્ટ છે. મુખ્ય યુદ્ધ ટૅન્ક ટી-90 ભીષ્મ અને નાગ મિસાઈલ સિસ્ટમે પરેડમાં ભાગ લીધો

# GUJARAT REPUBLIC DAY

તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં 76મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી. જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્કૃષ્ઠ કૃતિઓ રજૂ કરનારને રાજ્યપાલે ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા.

# PRIME MINISTER- BEST WISHES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા એક સંદેશમાં તેમણે કહ્યું કે, અમે તે તમામ મહાન લોકોને વંદન  કરીએ છીએ, જેમણે આપણા બંધારણને બનાવીને ખાતરી અપાવી કે આપણી વિકાસ યાત્રા લોકશાહી, ગૌરવ અને એકતા પર આધારિત છે. આ રાષ્ટ્રીય તહેવાર બંધારણના મૂલ્યોને જાળવવા અને એક મજબૂત અને સમૃદ્ધ ભારતનું નિર્માણ કરવાના આપણા પ્રયાસોને વધુ મજબૂત બનાવે તેવી પ્રાર્થના.

# NAGALAND REPUBLIC DAY

નાગાલેન્ડમાં આજે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં  રાજ્યપાલ લા. ગણેશન રાષ્ટ્રધ્વજ ફરકાવી  લોકોને સંબોધિત કર્યા. ગઈકાલે શ્રી ગણેશને લોકોને સંબોધતા દેશના વિકાસ માટે કાર્ય કરવા અનુરોધ કર્યો હતો. તેમણે પ્રૌદ્યોગિક શિક્ષણ અને આરોગ્ય સહિત વિવિધ ક્ષેત્રમાં દેશના વિકાસનો પણ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રી નેફ્યૂ રિઓએ પ્રજાસત્તાક દિવસ પર નાગાલેન્ડવાસીઓને શુભેચ્છાઓ પાઠવી અને ભારતીય બંધારણમાં વર્ણવેલા મૂલ્યોનું રક્ષણ કરવા આહ્વાન કર્યું હતું.

# ASSAM REPUBLIC DAY

આસામમાં પણ 76મા પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ગુવાહાટીમાં ખાનપાડામાં યોજાયેલા મુખ્ય સમારોહમાં રાજ્યપાલ લક્ષ્મણપ્રસાદ આચાર્યએ ત્રિરંગો ફરકાવ્યો. તેમણે સંબોધનમાં કહ્યું, સરકાર રાજ્યના ચતુર્મુખ વિકાસ માટે કામ કરી રહી છે. તેમજ રાજ્ય સરકારના પ્રયાસમાં રાજ્યમાં શાંતિ જળવાયેલી છે. રાજ્યપાલે કહ્યું, સરકારના સતત પ્રયાસથી મહિલાઓ સામેના અત્યાચારના કેસમાં ઘટાડો થયો છે. જ્યારે મુખ્યમંત્રી હિમંતા બિશ્વ સરમાએ પોતાના મંત્રીમંડળના સહયોગીઓની સાથે ડિબ્રુગઢમાં ત્રિરંગો ફરકાવ્યો.

# TELANGANA-WELFARE SCHEMES

તેલંગાણા સરકારે પ્રજાસત્તાક દિવસના અવસર પર પ્રજાલક્ષી ચાર યોજનાઓની જાહેરાત કરી છે. ખેડૂતોને પાક સહાય, જેમની પાસે જમીન નથી તેવા ખેતમજૂરો માટે વાર્ષિક 12 હજાર રૂપિયા સહાય, રેશનકાર્ડનું વિતરણ, ઇન્દિરમ્મા ઘરો જેવી ચાર યોજનાઓ રજૂ કરતા નાયબ મુખ્યમંત્રી ભટ્ટી વિક્રમાર્કે જણાવ્યું કે, આ યોજનાઓ માટે ગ્રામસભાઓમાં મળેલી બધી અરજીઓનું સંકલન કરાશે અને પાત્ર વ્યક્તિઓને આ યોજનાઓ હેઠળ લાભ અપાશે.

# DHAKA - REPUBLIC DAY

બાંગ્લાદેશના ઢાંકામાં આજે ભારતીય ઉચ્ચ આયોગ ખાતે 76મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી. ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્માએ ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને ભારતીય સમુદાયનું સ્વાગત કરી પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

બાંગ્લાદેશની વચગાળાની સરકારના આયોજન અને શિક્ષણ સલાહકાર ડૉ. વાહિદુદ્દીન મહમૂદ આ પ્રસંગે મુખ્ય મહેમાન હતા. આ સ્વાગત સમારોહમાં રાજદ્વારી સમુદાય, રાજકીય પક્ષો, શિક્ષણવિદો, ભારતીય લોકો, વ્યાપારિક વર્તુળો, સરકારી વિભાગો અને સશસ્ત્ર દળોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# LAKSHADWEEP - REPUBLIC DAY

લક્ષદ્વીપમાં કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસકના સલાહકાર સંદીપ કુમારે રાષ્ટ્રધ્વજ ફરકાવી પરેડનું નિરીક્ષણ કર્યું.

કેન્દ્રીય અનામત પોલીસ દળ -સીઆરપીએફ, ઈન્ડિયા રિઝર્વ બટાલિયન, લક્ષદ્વીપ પોલીસ, રાષ્ટ્રીય છાત્રસેના- એનસીસીએ પરેડમાં ભાગ લીધો. દ્વીપ સમૂહના બાકીના નવ વસાહતી ટાપુઓમાં પણ આ ઉજવણી કરવામાં આવી

# MADHYA PRADESH - REPUBLIC DAY

મધ્યપ્રદેશમાં 76મો પ્રજાસત્તાક દિવસ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. ભોપાલના લાલ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા  કાર્યક્રમમાં રાજ્યપાલ મંગુભાઈ પટેલે રાષ્ટ્રધ્વજ ફરકાવી સંયુક્ત પરેડની સલામી ઝીલી હતી.

ભોપાલમાં રાજ્યકક્ષાની ઉજવણી દરમિયાન 20 ટુકડીઓએ સંયુક્ત પરેડમાં ભાગ લીધો. જ્યારે 22 વિભાગોના ટેબ્લોએ રાજ્યની પ્રગતિ અને સંસ્કૃતિ દર્શાવી હતી. જ્યારે મુખ્યમંત્રી મોહન યાદવે ઇન્દોરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. આ કાર્યક્રમમાં પોલીસ બેન્ડ આકર્ષણનું કેન્દ્ર રહી હતી.

# MAHAKUMBH NARENDRA MODI APP

હવે સાંભળીએ મહાકુંભના સમાચાર....

**(OPNING MUSIC)**

પ્રયાગરાજના મહાકુંભનો આજે 14મો દિવસ છે. ધાર્મિક વિધિઓ કર્યા પછી ભક્તોએ મેળા વિસ્તારમાં સ્થાપિત અનેક પ્રદર્શન અને મંડપની મુલાકાત લીધી. તેમાંથી એક નરેન્દ્ર મોદી એપ છે, જે આકર્ષણનું કેન્દ્ર બની છે. આજે પ્રજાસત્તાક દિવસે સવારે 10 વાગ્યા સુધીમાં 37 લાખ 18 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યું હતું. સાંભળીએ એક અહેવાલ.

(બાઈટઃ દિપેન્દ્ર કુમાર)

**(CLOSING MUSIC)**

# CRICKET

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મલેશિયામાં રમાઇ રહેલી અન્ડર -19 મહિલા વિશ્વકપમાં ભારતે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી છે. હાલમાં મળતા અહેવાલ મુજબ બાંગ્લાદેશે 9.2 ઓવરમાં 4 વિકેટ ગુમાવી 22 રન કર્યા છે. આ પહેલા ભારતે શ્રીલંકાને 60 રનથી હરાવ્યુ હતું.

# MEN HOCKEY

પુરુષોની હૉકી ઇન્ડિયા લીગમાં અર્શદીપ સિંહે 2 ગોલ કરતાં હૈદરાબાદ તુફાને ગઈકાલે રાત્રે યુપી રુદ્રાઝને 3-1થી હરાવી દીધું છે. ઓડિશાના રાઉરકેલાના બિરસા મુંડા સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં હૈદરાબાદ તુફાનના ગોન્ઝાલો પેઈલેટે પહેલો ગોલ કર્યો. જ્યારે રૂદ્રાઝના જોબનપ્રિત સિંહે ફક્ત એક જ ગોલ કર્યો. રૂદ્રાઝના પુનઃપ્રવેશ બાદ અર્શદીપે છેલ્લી મિનિટોમાં ગૉલ કરીને જીત સુનિશ્ચિત કરી હતી. સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટ - રિતિક કપૂર) (HOCKEY FINAL)

# MISRI CHINA VISIT

ભારત અને ચીન વચ્ચે વિદેશ સચિવ-ઉપમંત્રી સ્તરની બેઠક માટે વિદેશ સચિવ વિક્રમ મિશ્રી આજથી ચીનના 2 દિવસના પ્રવાસે જશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, વિદેશ સચિવ ચીનમાં તેમના સમકક્ષ, ઉપપ્રધાન સાથે મુલાકાત કરશે, જ્યાં દ્વિપક્ષીય હિતના તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.